# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાજ્યમાં રોલિંગ પેપર ,સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલના વેચાણ ,વિતરણ અને હેરાફેરી પર પ્રતિબંધ જાહેર કરતું ગૃહ વિભાગ**
2. **સરકાર દ્વારા કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને 6 હજાર 805 કરોડથી વધુની સહાય ચૂકવાઈ.**
3. **ટેકાના ભાવે ખેડૂતો પાસેથી 7 હજાર 537 કરોડના મૂલ્યના ખેત ઉત્પાદનોની સરકારે ખરીદી કરી.**
4. **જરૂરિયાતમંદ ગ્રામિણ લોકોને 125 દિવસની રોજગારી આપનારો વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ ખરડો લોકસભામાં રજૂ.**
5. **અમદાવાદના સરદારનગરમાં કમળ તળાવ પરથી 150 જેટલા કાચા-પાકા દબાણો દૂર કરાયા**
6. **ક્રિકેટમાં,ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચોથી T20 મેચ આજે લખનૌમાં રમાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# ROLLING PAPER BAN

યુવાઓના સ્વાસ્થ્યના હિતમાં રાજ્યમાં રોલિંગ પેપર, સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલના વેચાણ, વિતરણ અને હેરાફેરી પર ગૃહ વિભાગે પ્રતિબંધ જાહેર કર્યો છે. હવે રાજ્યના તમામ પાન પાર્લર, ચાની દુકાનો અને છૂટક કરિયાણાની દુકાનોમાં આ પ્રકારની ચીજવસ્તુઓનું વેચાણ સંપૂર્ણપણે બંધ થશે.

આ રોલિંગ પેપર અને સ્મોકિંગ કોનમાં ટાઇટેનિયમ ઓક્સાઇડ, પોટેશિયમ નાઇટ્રેટ, આર્ટિફિશિયલ ડાય, કેલ્શિયમ કાર્બોનેટ અને ક્લોરીન બ્લીચ જેવા ઝેરી પદાર્થો હોય છે, જે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક હોવાનું જણાયું છે.

આ આદેશનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, 2023 ની કલમ 223 મુજબ શિક્ષાને પાત્ર થશે.

---

# FARMERS RELIEF PACKAGE MODHVADIA

કમોસમી વરસાદમાં થયેલા નુકસાન અન્વયે જાહેર કરાયેલા આર્થિક પેકેજ-MSP અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને અત્યાર સુધીમાં 6 હજાર 805 કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. જ્યારે અત્યાર સુધીમાં મગફળી સહિત વિવિધ પાક માટે 10 લાખ કરતાં વધુ ખેડૂતો પૈકી 4 લાખ 75 હજારથી વધુ ખેડૂતો પાસેથી 7 હજાર 537 કરોડના મૂલ્યની ખરીદી કરવામાં આવી છે.

રાજ્યના ખેડૂતોને આર્થિક સહાય આપી પગભર થવા સરકાર તેમની પડખે ઊભી રહી હોવાનું મોઢવાડિયાએ જણાવ્યું હતું.

## બાઇટ- અર્જૂન મોઢવાડિયા, (રાહત પેકેજ )

તેમણે કહ્યું હતું કે આર્થિક સહાય અંતર્ગત મગફળી સહિતના વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરીને રાજ્ય સરકાર ખેડૂતોની હામી બની છે.

## બાઇટ- અર્જૂન મોઢવાડિયા( ટેકાના ભાવે ખરીદી)

---

## MODASA GROUND NUTS MODAL

રાજ્યના પાંચ મોડેલ મગફળી કેન્દ્રો પૈકી મોડાસા ખરીદ કેન્દ્રને મોડેલ કેન્દ્ર જાહેર કરવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે જેનું અનુસંધાને અત્યાર સુધીમાં કુલ 15 કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું છે. હજુ 6 કરોડ રૂપિયાના ચુવણીની પ્રક્રિયા ચાલી રહી છે, જે બે દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. તેમ ખરીદી કેન્દ્રના આસિસ્ટન્ટ મેનેજર ભાનુબેન પટેલે જણાવ્યું હતું.

## બાઈટ : ભાનુભાઈ પટેલ

---

-----------------

## OVERALL LS - ROZGAR AND AJEEVIKA MISSION (WITH V/C)

સરકારે લોકસભામાં "વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી" બિલ 2025 રજૂ કર્યું. આ કાયદો વીસ વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, 2005 (મનરેગા) ને બદલશે.

આ કાયદા હેઠળ દરેક ગ્રામીણ પરિવારને દર નાણાકીય વર્ષમાં એકસો પચીસ દિવસના વેતન રોજગારની વૈધાનિક ગેરંટી આપવામાં આવશે , પાણી સંબંધિત કાર્યો , મુખ્ય ગ્રામીણ માળખાગત સુવિધાઓ, આજીવિકા સંબંધિત માળખાગત સુવિધાઓ અને પ્રતિકૂળ હવામાન ઘટનાઓ અને આપત્તિ તૈયારીઓની અસરને ઘટાડવાના હેતુથી વિશેષ કાર્યો દ્વારા પાણીની સુરક્ષાને વિષયોની પ્રાથમિકતા આપવામાં આવશે.

આ અભિગમ દેશભરમાં ઉત્પાદક , ટકાઉ, સ્થિતિસ્થાપક અને પરિવર્તનશીલ ગ્રામીણ સંપત્તિનું નિર્માણ સુનિશ્ચિત કરશે.બિલ રજૂ કરતા ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે , યુપીએ સરકાર દરમિયાન , મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) પર બે લાખ 13 હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા , જ્યારે મોદી સરકારે આ યોજના પર આઠ લાખ ૫૩ હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા છે.

શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે આ નવા બિલ દ્વારા , સરકારે રોજગારના ગેરંટીકૃત દિવસોને સો દિવસથી વધારીને ૧૨૫ દિવસ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે કહ્યું કે , આ બિલ હેઠળ એક લાખ ૫૧ હજાર કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ બિલ ગામડાઓનો વ્યાપક વિકાસ સુનિશ્ચિત કરશે અને આત્મનિર્ભર અને વિકસિત ગ્રામીણ વિસ્તારોના નિર્માણમાં મદદ કરશે.

---

## AHMEDABAD DEMOLITION

અમદાવાદ શહેરના સરદારનગર વોર્ડમાં કમળ તળાવ પરથી દબાણો હટાવવાની કામગીરી કરવામાં આવી. જેમાં **150** જેટલા કાચા-પાકા દબાણો ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા દૂર કરવામાં આવ્યા.

અંગે ડેપ્યુટી કમિશનર વિશાલ ખાનમે જણાવ્યું , કાયદાકીય પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ આ કામગીરી કરવામાં આવી છે.

# બાઇટ : વિશાલ ખાનમ, ડેપ્યુટી કમિશનર

---

## CM CHEQUE VITARN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદમાં રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના સર્વાંગી વિકાસ માટે બે હજાર 800 કરોડ રૂપિયાની રકમના ચેક વિતરણ કરશે.

ગ્રાન્ટ-સહાયની આ રકમ રાજ્યના શહેરી વિકાસને નવી ગતિ આપશે. શેલાના ઔડા ઓડિટોરિયમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને યોજનારા આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈ, શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા તેમજ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના હોદ્દેદારો પણ રહેશે.

---

## MoRTH, IRTE WORKSHOP

ગુજરાતમાં માર્ગ સલામતીને વધુ મજબૂત બનાવવા દિશામાં એક પગલા તરીકે, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા ઇન્સ્ટિટ્યૂટ ઓફ રોડ ટ્રાફિક એજ્યુકેશનના સહયોગથી ગાંધીનગર ખાતે ત્રણ દિવસીય ‘રોડ સેફ્ટી મેનેજમેન્ટ કાર્ય-શિબિર ’ નું આયોજન કરવામાં આવ્યું.

જેનો હેતુ પોલીસ , પરિવહન વિભાગ માર્ગ-મકાન વિભાગ , નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા તથા મહાનગર પાલિકાના ના અધિકારીઓની ટેક્નિકલ તથા ઓપરેશનલ ક્ષમતામાં વધારો કરવાનો હતો.

આ વર્કશોપમાં માર્ગ ટ્રાફિક કાયદાની માર્ગ અકસ્માતોની વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ, ટ્રાફિક નિયંત્રણ ઉપકરણો તેમજ ટ્રાફિક મેનેજમેન્ટ અને અકસ્માત વિશ્લેષણમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ અંગે વિસ્તૃત તાલીમ આપવામાં આવી. **IRTE** દ્વારા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાના મુદ્દાઓ અંગે પ્રાથમિક સર્વે અને વિશ્લેષણ પણ કરવામાં આવ્યું, જેથી વર્તમાન પડકારોને સમજવા અને ચર્ચા દ્વારા યોગ્ય ઉકેલો શોધી શકાય.

---

# CRICKET T20

ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચ આજે લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ભારત પાંચ મેચોની શ્રેણીમાં 2-1થી આગળ છે અને શ્રેણી જીતીને દક્ષિણ આફ્રિકા સામે 3-1થી આગળ રહેવાનો પ્રયાસ કરશે. પાંચમી અને અંતિમ મેચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાશે.

દરમિયાન, ભારતીય ઓલરાઉન્ડર અક્ષર પટેલ ની બીમારીને કારણે અક્ષર પટેલની જગ્યાએ લખનૌ અને અમદાવાદમાં બાકીની T20 મેચ માટે શાહબાઝ અહેમદ તેના સ્થાને રમશે.

---

# CM ON ISAME

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લાયન્સ ઇન્ટરનેશનલના **ISAME-2025** ફોરમનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા કહ્યું કે, આ ફોરમ લીડરશીપ, કો-ઓપરેશન અને ગુજરાતના વૈભવને વિશ્વ સમક્ષ વધુ ઉજાગર કરશે.

ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ લાયન્સ ક્લબ આયોજિત **53**માં લાયન્સ ઇન્ટરનેશનલના આઈસેમ**(ISAME)** ફોરમમાં ભારત, દક્ષિણ એશિયા અને મધ્ય ઇસ્ટ દેશોનો સમાવેશ થાય છે.

આઈસેમના સભ્ય દેશ ઉપરાંત  અમેરિકા, કેનેડા, યુરોપ, એશિયા અને આફ્રિકાના અનેક આમંત્રિત દેશોના પ્રતિનિધિઓ સહિત **4** હજારથી વધુ લોકો ગુજરાતમાં યોજાયેલા આ ત્રીજા ફોરમમાં ભાગ લઈ રહ્યાં છે.

મુખ્યમંત્રીએ આઈસેમ-**2025**માં ઉપસ્થિત વિવિધ દેશોના પ્રતિનિધિઓ સમક્ષ ગુજરાતના વિકાસનું રોલ મોડલ પ્રસ્તુત કરતા કહ્યું કે, ગુજરાતના ઉદ્યોગ નવીનતા અને નવા ઉભરતા ક્ષેત્રમાં  દેશનું નેતૃત્વ કરી રહ્યા છે અને સામાજિક-આર્થિક વિકાસના પરિણામે દેશ-વિદેશના રોકાણકારોની પહેલી પસંદ બન્યું છે.

---